# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-09-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. બ્રિક્સ સંમેલનના મફત સત્રના સંબોધનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, મહામારી સહિતના વર્તમાન અવરોધોએ દર્શાવ્યું છે કે વિશ્વમાં કોઈપણ સંકટ એક પ્રદેશ પૂરતું સીમિત નથી.
2. પ્રધાનમંત્રીએ કહ્યું કે, ટેકનોલોજી અને મહત્વપૂર્ણ ખનિજોનું શસ્ત્રીકરણ પ્રગતિ માટે અવરોધક બની શકે છે.
3. ભારત અને ઇરાનના નાણામંત્રીઓ વચ્ચેની બેઠકમાં પારસ્પરિક સહયોગ વધુ મજબૂત બનાવવા પર ભાર મૂકાયો.
4. ઈરાન અને ઓમાન વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટ માટે નવા જળમાર્ગો પર સહમતિ સધાઇ.
5. મહિલા T20 ક્રિકેટ એશિયા કપની ફાઇનલમાં ભારતનો મુકાબલો વર્તમાન ચેમ્પિયન શ્રીલંકા સામે - પુરુષોની ક્રિકેટમાં ભારત T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીની પહેલી મેચમાં અફઘાનિસ્તાન સામે ટકરાશે.

---

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# REV. BRICS SUMMIT (1200)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, મહામારી, આબોહવા સંબંધિત આપત્તિઓ અને પુરવઠા શૃંખલામાં અવરોધોએ દર્શાવ્યું છે કે આજના પરસ્પર જોડાયેલા વિશ્વમાં કોઈપણ સંકટ એક પ્રદેશ પૂરતું સીમિત રહેતું નથી.

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે બ્રિક્સ સમિટના મુક્ત સત્રને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, બ્રિક્સ રાષ્ટ્રોએ જૂથ વચ્ચે સ્થિતિસ્થાપકતા વધારવા પર વિશેષ ભાર મૂક્યો છે. સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણા પરના સત્રમાં શ્રી મોદીએ પડકારોની સમયસરની ઓળખ, પૂર્વતૈયારીઓ અને અસરકારક પગલાં લેવા પર પણ ભાર મૂક્યો. તેમણે કહ્યું કે, આપત્તિ વ્યવસ્થાપન માટે પ્રારંભિક ચેતવણી ડેટા એકીકરણ માર્ગદર્શિકા ઘડવામાં આવી છે.

શ્રી મોદીએ ચેતવણી આપી કે ટેકનોલોજી અને મહત્વપૂર્ણ ખનિજોનું શસ્ત્રીકરણ પ્રગતિ માટે અવરોધક બની શકે છે. BRICS રાષ્ટ્રોએ ટેકનોલોજી અપનાવવામાં સમાવેશકતા પર ભાર મૂક્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

## BYTE: BRICS WARNING SYSTEM

*("आज के इंटरकनेक्टेड वर्ल्ड में कोई भी संकट एक क्षेत्र तक सीमित नहीं रहता। इसलिए हमने ब्रिक्स समूह में रीजिलियंस बढ़ाने पर विशेष बल दिया है। चुनौतियों को समय रहते पहचानना, उनके लिए तैयार रहना और तुरंत कार्यवाही करना भी उतना ही आवश्यक है। इसी सोच के साथ इन्फेक्शियस डिसीज के प्रिवेंशन और रिस्पॉन्स के लिए ब्रिक्स इंटीग्रेटेड अर्ली वार्निंग सिस्टम पर सहमति बनी है। डिजास्टर मैनेजमेंट के लिए अर्ली वार्निंग डेटा इंटीग्रेशन गाइडलाइंस तैयार की गई है।")*

શ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતું કે BRICS લોજિસ્ટિક સપ્લાય ચેઇન કોઓપરેશન ફ્રેમવર્ક પુરવઠા શ્રુંખલાને વધુ સુદ્રઢ બનાવશે. તેમણે ઉમેર્યું કે ડિજિટલ કૃષિ પર બ્રિક્સ નેટવર્ક ખેડૂતો માટે નવી તકો ઊભી કરશે.

## BYTE: PM BRICS AGRI DIGITAL

*("ब्रिक्स नेटवर्क ऑन डिजिटल एग्रीकल्चर किसानों के लिए नई संभावनाएं तैयार करेगा। इसके माध्यम से AI, जियोस्पेशियल टेक्नोलॉजी और डिजिटल पब्लिक इन्फ्रास्ट्रक्चर को किसानों की वास्तविक आवश्यकताओं के साथ जोड़ा जाएगा।*

*टेक्नोलॉजी और क्रिटिकल मिनरल्स का वेपनाइजेशन हमारी साझा प्रगति में बाधा बन सकता है। इसलिए हमने टेक्नोलॉजी के अडॉप्शन में इन्क्लूसिविटी पर बल दिया है।")*

## પ્રધાનમંત્રીએ કહ્યું કે BRICS માં વૈશ્વિક દક્ષિણ રાષ્ટ્રોનો વિશ્વાસ વધ્યો છે.

## BYTE: PM GLOBLE SOUTH BRICS

*("ब्रिक्स में ग्लोबल साउथ के देशों का विश्वास बढ़ा है, क्योंकि ब्रिक्स में उनकी आवाज सुनी जाती है, उनके अनुभव का सम्मान होता है और सॉल्यूशंस उनके लिए ही नहीं, उनके साथ मिलकर बनाए जाते हैं। ब्रिक्स की शक्ति हमारी डायवर्सिटी और कोऑपरेशन में है। We may be rooted in different realities, but together we rise through cooperation and blossom for humanity. हमारी विविधता हमारी पहचान रहे, हमारा सहयोग हमारी प्रेरणा बने और हमारी प्रगति पूरी मानवता के काम आए।")*

# FUR. REV. DAY BRICS SUMMIT

મુક્ત સત્ર અગાઉ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 18મા બ્રિક્સ સમિટના બીજા અને અંતિમ દિવસે આજે બ્રિક્સ ભાગીદાર દેશોના નેતાઓને આવકાર્યા. નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમ, વિયેતનામના પ્રધાનમંત્રી લે મિન્હ હંગ, સાઉદી અરેબિયાના વિદેશ મંત્રી ફૈઝલ બિન ફરહાન અને સંયુક્ત રાષ્ટ્રના સચિવ જનરલ એન્ટોનિયો ગુટેરેસ સહિતના નેતાઓનું શ્રી મોદીએ સ્વાગત કર્યું હતું.

બ્રિક્સના 10 ભાગીદાર દેશો બેલારુસ, બોલિવિયા, કઝાકિસ્તાન, ક્યુબા, મલેશિયા, નાઇજીરીયા, થાઇલેન્ડ, યુગાન્ડા, ઉઝબેકિસ્તાન અને વિયેતનામ છે. સત્રના સમાપન બાદ પ્રધાનમંત્રી કઝાકિસ્તાન, ફિલિપાઇન્સ, ઇજિપ્ત, દક્ષિણ આફ્રિકા અને બુરુન્ડીના રાષ્ટ્રપતિ સાથે દ્વિપક્ષીય બેઠકો કરશે. તેઓ નાઇજીરીયા અને યુગાન્ડાના ઉપ-રાષ્ટ્રપતિ સાથે પણ મુલાકાત કરશે.

# WHO NEW DELHI DECLARATION

વિશ્વ આરોગ્ય સંગઠને બ્રિક્સ સમિટ 2026 દરમિયાન બ્રિક્સ રાષ્ટ્રો દ્વારા અપનાવવામાં આવેલા નવી દિલ્હી ઘોષણાની પ્રશંસા કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિશ્વ આરોગ્ય સંગઠનના ડિરેક્ટર જનરલ ટેડ્રોસ અધાનોમે ઘેબ્રેયસસે સાર્વત્રિક આરોગ્ય કવરેજ, સ્થિતિસ્થાપક આરોગ્ય પ્રણાલીઓ, રોગચાળા કરારના રોગકારક ઍક્સેસ પર વાટાઘાટોના સફળ નિષ્કર્ષની પ્રશંસા કરી.

શ્રી ઘેબ્રેયસસે ક્ષય રોગ નાબૂદી, આરોગ્ય કાર્યબળને મજબૂત કરવા, ડિજિટલ આરોગ્ય, પરંપરાગત દવાને એકીકૃત કરવા અને બધા માટે આરોગ્ય પહોંચાડવા માટેના બ્રિક્સ દેશોના પ્રયાસોની પણ પ્રશંસા કરી. તેમણે સમિટમાં ઉષ્માભર્યા સ્વાગત બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો પણ આભાર માન્યો.

# SRINGLA - BRICS

ભારતના ભૂતપૂર્વ વિદેશ સચિવ હર્ષ વર્ધન શ્રૃંગલાએ કહ્યું કે, સફળ બ્રિક્સ ઇન્ડિયા 2026 અને નવી દિલ્હી ઘોષણાપત્રને અપનાવવું એ ભારત અને વૈશ્વિક વ્યવસ્થા માટે એક મહત્વપૂર્ણ ક્ષણ છે. તેમણે વધુમાં કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે ફરી એકવાર ભારતના સભ્યતા સિદ્ધાંતોમાં વિશ્વાસ, વિશ્વ સાથે સંવાદ, ભાગીદારી અને સહયોગ માટે મુક્ત વાતાવરણ સાથેનું રાજદ્વારી સામર્થ્ય દર્શાવ્યુ છે.

સબળ નેતૃત્વ ફક્ત પ્રભાવશાળી નહીં પરંતુ વિકાસ, શાંતિ, સ્થિતિસ્થાપકતા, નવીનતા અને ટકાઉ વિકાસ જેવી સહિયારી પ્રાથમિકતાઓ સાથે વિવિધ રાષ્ટ્રોને એકમંચ પર લાવી શકાય છે. તે ભારતની બ્રિક્સ રાજદ્વારીએ સાબિત કર્યું હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

# FM MEETING IRAN MINISTER

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે નવી દિલ્હીમાં ઈરાનના આર્થિક બાબતો અને નાણામંત્રી સૈયદ અલી મદીનાઝાદેહ સાથે મુલાકાત કરી. શ્રી મતી સીતારમણે બ્રિક્સ સમિટમાં ભાગ લેવા અને ફાઇનાન્સ ટ્રેકમાં ચર્ચામાં ઉત્પાદક ભાગીદારી બદલ ઈરાનનો આભાર માન્યો.

નાણામંત્રાલયે માહિતી આપી કે, બેઠક દરમિયાન બંને પક્ષોએ આર્થિક વિકાસ અને પરસ્પર હિતના ક્ષેત્રોમાં સહયોગની સંભાવનાઓ સંબંધિત મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# DRYLAND CONGRESS

નવી દિલ્હીમાં ત્રણ દિવસીય 'ડ્રાયલેન્ડ કોંગ્રેસ 2026' નું સમાપન થયું. આ પરિષદમાં સૂકી જમીનની ખેતીના પડકારોનો સામનો કરવા અને તેના ઉકેલોને ઝડપી બનાવવા માટે દક્ષિણ-દક્ષિણ અને ત્રિકોણીય સહયોગ વધારવા માટે ભારપૂર્વક હાકલ કરવામાં આવી હતી.

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું કે, પરિષદે વૈજ્ઞાનિક જ્ઞાનને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરવા, મોટા પાયે સફળ પ્રયોગો અમલમાં મૂકવા અને ટકાઉ ખેતી માટે ભાગીદારીને મજબૂત બનાવવાના પોતાના સંકલ્પને પુનરાવર્તિત કર્યો. ડૉ. એમ. એલ. જાટે સૂકી કૃષિ-ખાદ્ય પ્રણાલીઓ માટે મજબૂત ડેટા અને માહિતી પ્રણાલીઓની જરૂરિયાત પર ભાર મૂક્યો.

# NEPAL FLOOD

અમેરિકાએ નેપાળને પૂર પીડિતોની ઓળખ કરવામાં મદદ માટે વધારાની 10 લાખ અમેરિકન ડોલરની સહાય મંજૂર કરી છે. નવું ભંડોળ નેપાળ પોલીસને ફોરેન્સિક સહાય પૂરી પાડશે. અમરિકન અધિકારીઓ ડીએનએ વિશ્લેષણ કીટ સહિતની સૌથી તાત્કાલિક જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવા માટે નેપાળ પોલીસને સહાય કરી રહયા છે. પૂર પીડિતો માટે કટોકટી, ખોરાક, આશ્રય, આરોગ્યસંભાળ અને અન્ય રાહત પગલાં પૂરા પાડવા માટે આ ફોરેન્સિક સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

દરમિયાન, અસરગ્રસ્ત આઠ જિલ્લાઓમાંથી વધુ મૃતદેહો મળી આવતા નેપાળમાં આવેલા પૂરથી મૃત્યુઆંક વધીને 1 હજાર 386 થયો છે.

# IRAN OMAN EXIT ROUTES

ઈરાન અને ઓમાન હોર્મુઝ સ્ટ્રેટ માટે નવા પ્રવેશ અને બહાર નીકળવાના જળમાર્ગો પર સંમત થયા છે. બંને દેશોની આગામી પ્રાદેશિક બેઠકમાં અન્ય ખાડી દેશો સમક્ષ તેને રજૂ કરવાની યોજના છે.

જે અંતર્ગત, ખાડીમાં પ્રવેશવાનો માર્ગ સંપૂર્ણપણે ઈરાની પ્રાદેશિક પાણીની અંદર રહેશે, જ્યારે બહાર નીકળવાના માર્ગનો એક ભાગ પણ ઈરાની નિયંત્રણ હેઠળ રહેશે. તેના અમલીકરણ સાથે, જળમાર્ગનો દક્ષિણ માર્ગ બંધ થઈ જશે જે અમેરિકાની માંગણીઓનો સીધો વિરોધ છે.

ઈરાની અધિકારીઓએ ભાર મૂકતા કહ્યું કે, આ કરારનો અર્થ એ નથી કે હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવામાં આવી રહ્યો છે. ઈરાને જળમાર્ગ ખુલતા પહેલા અમેરિકા સામે સાત શરતો મૂકી છે જે પૂર્ણ ન થાય ત્યાં સુધી આ માર્ગ બંધ રહેશે.

# CRICKET-T20 ASIA CUP

મહિલા T20 ક્રિકેટ એશિયા કપની ફાઇનલમાં ભારતનો મુકાબલો વર્તમાન ચેમ્પિયન શ્રીલંકા સામે થશે. દુબઈમાં રમાનારી આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે આઠ વાગે રમાશે. સેમિફાઇનલમાં ભારતે બાંગ્લાદેશને 40 રનથી હરાવ્યું.

ભારતે ગ્રુપ-Aમાં બધી મેચ જીતીને ટોચનું સ્થાન મેળવ્યું. શ્રીલંકાએ સેમિફાઇનલમાં પાકિસ્તાનને હરાવ્યું. શ્રીલંકાએ પણ પોતાના ગ્રુપમાં ટોચનું સ્થાન મેળવ્યું. શ્રીલંકાએ અગાઉ 2024માં આ ટાઇટલ જીત્યું હતું, જ્યારે ભારતે આ ટાઇટલ સાત વખત જીત્યું છે.

# CRICKET - IND-AFG T20I

પુરુષોની ક્રિકેટમાં ભારત આજે ત્રણ મેચની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીની પહેલી મેચમાં અફઘાનિસ્તાન સામે રમશે. બીજી મેચ મંગળવારે, ત્રીજી અને અંતિમ મેચ ગુરુવારે રમાશે. બધી મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં સાંજે સાત વાગ્યે રમાશે.

શ્રેયસ ઐયર ભારતીય ટીમનું નેતૃત્વ કરશે, તિલક વર્મા ઉપ-કપ્તાન રહેશે. વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસન ભારતીય ટીમમાં પરત ફર્યો છે, જ્યારે વરુણ ચક્રવર્તી પણ ઈજા બાદ અને વૈભવ સૂર્યવંશીનો પણ ટીમમાં સમાવેશ છે.

ઇબ્રાહિમ ઝદરાન અફઘાનિસ્તાનનું નેતૃત્વ કરશે. ભારતે અફઘાનિસ્તાન સામે રમાયેલી નવ T20 મેચમાંથી આઠ જીતી છે, જ્યારે એક મેચ ડ્રો રહી છે.